# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-05-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# WEATHER

હવામાન વિભાગે રાજ્યનાં કેટલાંક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે. આજે સૌરાષ્ટ્ર કચ્છનાં તમામ જિલ્લાઓ, બનાસકાંઠા, પાટણ, અમદાવાદ, દાહોદ, મહિસાગર, તાપી અને ડાંગ જિલ્લામાં છુટાછવાયા વિસ્તારમાં ગાજવીજ સાથે હળવા વરસાદની સંભાવના છે. દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં હવામાન સુકું રહેશે. ગઇકાલે રાજ્યમાં આઠ તાલુકાઓમાં મધ્યમથી હળવો વરસાદ થયો હતો. મોરબીના ટંકારામાં 33 મિલીમિટર, અમરેલીમાં 19 મિલીમીટર ડાંગમાં બાર મિલીમીટર વરસાદ નોંધાયો હતો

દરમિયાન, રાજ્યનાં કેટલાંક ભાગોમાં ગરમીનું મોજું તીવ્ર બન્યું છે. હવામાન વિભાગે વલસાડમાં હિટવેવની સ્થિતિની શક્યતા દર્શાવી છે. અમારા અરવલ્લીના પ્રતિનિધિ જણાવે છે કે જિલ્લામાં ગરમીનો પારો ઊંચકાયો છે અને તાપમાન સરેરાશ 42 થી 43 ડિગ્રી સુધી પહોંચી ગયું છે. અરવલ્લી જિલ્લા આરોગ્ય અધિકારી ડોક્ટર એમ. એ. સિદ્દિકીએ જણાવ્યું કે, હાલમાં હીટ સ્ટ્રોકના કોઈ કેસ નોંધાયા નથી..

ગઇકાલે રાજ્યમાં સૌથી મહત્તમ 44 ડિગ્રી તો સુરેન્દ્રનગરમાં અને રાજકોટમાં 43 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

# POICHA- DURGHATNA

પોઇચા ખાતે નર્મદા નદીમાં સાત લોકો ડૂબ્યા હતા, જેમાંથી 6 વ્યક્તિઓના મૃતદેહ ગઈકાલ સાંજ સુધીમાં મળ્યા છે, પરંતુ હજુ એક સાત વર્ષનું બાળક લાપતા છે.. નાંદોદના મામલતદાર પી.આર.ચૌધરીએ જણાવ્યું છે કે, નર્મદા જિલ્લા તંત્ર દ્વારા શોધખોળ અભિયાન ચાલી રહ્યું છે. એનડીઆરએફ,

ફાયર વિભાગની મદદ પણ લેવાઇ છે. આ બચાવ કામગીરીમાં ૬૦ જેટલા તરવૈયાઓ અને નિષ્ણાંતો પણ જોડાયા છે.

# MAHISAGAR- BOGUS TABIB

મહીસાગર SOG દ્વારા જીલ્લામાં ડિગ્રી વગર પ્રેકટીસ કરતા ડૉકટરને ઝડપી લેવામાં આવ્યો છે. તપાસ દરમિયાન દવા અને રોકડ રકમ જપ્ત કરવામાં આવી છે.. ગાસવાડા ગામે દૂધની ડેરીમાં હોસ્પિટલ શરૂ કરી ગામડાના દર્દીઓની ગેરકાયદે સારવાર કરનાર બોગસ તબીબ સામે જીલ્લા પોલિસ દ્વારા વધુ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# Hypertension Day

આજે વિશ્વ હાઇપરટેન્શન દિવસ છે.

વર્ષ 2006માં તેની શરૂઆત કરવામાં આવી હતી. એક સર્વે અનુસાર, 30 વર્ષની ઉંમર વટાવી ચુકેલા 100માંથી 25 લોકો તણાવભરી જિંદગીને કારણે હાઇપરટેન્શનની બીમારીથી પીડાઈ રહ્યા છે.

તબીબોના જણાવ્યા અનુસાર, હાઇપરટેન્શન થવાના કારણોમાં બેઠાડુ જીવન તેમજ તણાવભરી જીવનશેલી જવાબદાર છે. તબીબો જણાવે છે કે, આહાર વિહારમાં નિયમિતતા, પૂરતી ઊંઘ લેવી, કસરત કરવી, મીઠાનો જરૂર પડતો જ ઉપયોગ જેવી તકેદારી હાઇપરટેન્શનની આ બીમારીમાંથી રાહત આપે છે..

મહેસાણા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં 2 લાખ 14 હજાર દર્દીઓએ આ બીમારી સામે રક્ષણ મેળવવા માટે સારવાર લીધી હતી.

# GANDHINAGAR- PRE MONSOON

ગાંધીનગર શહેરમાં ચોમાસાની સ્થિતીને ધ્યાને લઇને પ્રિમોન્સૂન કામગીરી હાથ ધરવામાં આવી છે.. આગોતરા આયોજનના ભાગરૂપે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા બોર્ડ અને હોર્ડિંગ્સ દૂર કરવામાં આવ્યા છે. છેલ્લા ત્રણ દિવસમાં ટ્રાફિકને નડતરરૂપ મોટા બોર્ડ, હોર્ડિંગ તથા નાના- મોટા બેનરો પણ દૂર કરવામાં આવ્યા છે અને આ કામગીરી હજુપણ યથાવત રાખવામાં આવશે.

# C.UDEPUR- VADYA

આદીવાસીઓનાં મોટાંભાગનાં તહેવારો ઋતુચક્ર સાથે જોડાયેલાં છે.. અખાત્રીજથી ઘાંઘરી વગાડી રોરાં રમવાની પરંપરા હવે લુપ્ત થઇ રહી છે, ત્યારે છોટા ઉદેપુરના કવાંટ તાલુકાના વાંટડા ગામનાં તનસિંગ રાઠવા પોતે વાંસની ચીપમાંથી ઘાંઘરી ઘડીને તેનું વેચાણ કરે છે અને આ પંરપરાને જીવંત રાખવાના તેઓ પ્રયાસો કરી રહ્યાં છે.

**(બાઇટ- તાનસિંગ રાઠવા, ઘાંઘરી વાદ્યના જાણકાર)**

# KODINAR- LION FAMILY

ગીર સોમનાથના કોડીનારમાં આવેલી ખાનગી સિમેન્ટ કંપનીની રહેણાંક વસાહતમાં આજે વહેલી સવારે સિંહ અને સિંહણે પોતાના ૩ બચ્ચા સાથે ધામા નાખ્યા હતા. આ ઘટના કોલોનીના સલામતી રક્ષકનનાં ધ્યાનમાં આવતા તંત્રને જાણ કરતા વનવિભાગ દ્વારા રેસ્ક્યુ કામગીરી હાથ ધરવામાં આવી છે.

અમારા ગીર સોમનાથના પ્રતિનિધી રાજેશ ભજગોતરનાં અહેવાલ પ્રમાણે, આજે વહેલી સવારે સિંહ પરિવાર કંપનીની નોર્થ કોલોનીમાં આવેલા પ્રસિધ્ધ રાધાકૃષ્ણ મંદિરનાં પાછળનાં ભાગે આવી ચડયો હતો. સિંહ, સિંહણ અને ત્રણ બચ્ચાં સાથે સિંહ પરિવારે અહીં ધામા નાખ્યા હતાં. કંપની દ્વારા તંત્રને જાણ કરતા વનતંત્ર, પોલીસ અને કંપનીનાં સિક્યુરિટી સ્ટાફે કોલોની અને મંદિર પરિસરને કોર્ડન કરી લીધો હતો. વન વિભાગ દ્વારા છ કલાકની

જહેમત બાદ બે સિંહ બાળોને નોર્થ કોલોનીમાંથી સલામત રીતે પાંજરે પૂરી અને અન્ય એક સિંહ બાળનું સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

## GUJ. BOARD- PURAK PARIKSHA

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડે પૂરક પરીક્ષાની તારીખોની જાહેરાત કરી છે. અમારા ગાંધીનગરના પ્રતિનિધી દુર્ગેશ મહેતા જણાવે છે કે, ધોરણ-10, ધોરણ-12 સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી અને વ્યવસાયલક્ષી પ્રવાહ તેમજ સંસ્કૃત પ્રથમા અને સંસ્કૃત મધ્યમાની પૂરક પરીક્ષા 24મી જૂનથી યોજાશે.. આ અંગેનો વિગતવાર કાર્યક્રમ આગામી સમયમાં જાહેર કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, હાલમાં જ ધોરણ-10 અને 12ના પરિણામો જાહેર કરાયા છે.